BUSINESS મિત્ર

ક્રૂડ ઓઇલમાં ઉછાળો અને FIIની વેચવાલીથી માર્કેટના તમામ સપોર્ટ લેવલ તૂટ્યા

શેરબજારમાં ‘ બ્લેક મન્ડે ’: સેન્સેક્સ 1124 પોઇન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 28: ભારતીય શેરબજારમાં બ્લેક મન્ડે બની ગયો હતો અને ખુલતાની સાથે જ વેચવાલીનું દબાણ રહેતા આજે તમામ સપોર્ટ લેવલ તૂટતા જોવા મળ્યા હતા. સેન્સેક્સમાં 1124 પોઇન્ટનો કડાકો બોલાયો હતો, જ્યારે નિફ્ટીમાં 23000 પોઇન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી અને 22800 પોઇન્ટની તકનિકી સપોર્ટ તોડી નાંખતા આવનારા દિવસોમાં મોટી મંદીના એંધાણ જોવા મળી રહ્યા હોવાનું બજારના સુત્રો જણાવી રહ્યા છે. શેરબજારમાં કડાકો બોલાવા પાછળના કારણમાં વૈશ્વિક તણાવ, ક્રુડ ઓઇલના ભાવમાં વધારો અને વિદેશી રોકાણકારોના વેચાણને કારણે થયો છે. વૈશ્વિક તણાવ વધવાના કારણે ફરીથી ક્રુડ ઓઇલના ભાવ 106 ડોલરની ઉપર પહોંચી ગયા હતા. જેની સીધી અસર ભારતીય શેરબજારમાં જોવા મળી હતી. આની સાથે હોર્મુઝના મુદ્દે સમાધાન થયું નથી અને અમેરિકાએ ઈરાનના પ્રસ્તાવને ફગાવી દેતા ફરીથી અનિશ્ચિતતાનો માહોલ જોવાઈ રહ્યો છે, જેના પગલે વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી સતત વેચવાલી કરતા જોવા મળી રહ્યા છે. ઘરેલું સંસ્થાઓનો સપોર્ટ મળી રહ્યો છે, પણ વેચવાલીની અસર પણ બજારમાં જોવા મળી રહી છે. યુએસ બોન્ડ યીલ્ડના વધારાની અસર પણ શેરબજારમાં જોવા મળી હતી, જેનાથી રૂપિયા પર દબાણ આવ્યું છે. બીજી તરફ, એઆઇ એજન્ટોની વિશ્વસનીયતા અને સલામતી અંગેની ચિંતાઓ વચ્ચે વૈશ્વિક ટેકનોલોજી શેરોમા નબળાઈએ રોકાણકારોના સેન્ટિમેન્ટને વધુ નબળું પાડ્યું હતું.

બીએસઇ સેન્સેક્સ 1124.02 પોઇન્ટ એટલે કે 1.52 ટકા તૂટીને 72771.72 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73740 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72716 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 360.25 પોઇન્ટ એટલે કે 1.56 ટકા ઘટીને 23000 પોઇન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી નાંખી હતી અને રૂ. 22800ની ટેકનીકલ સપાટી તોડીને 22780.25 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આમ, આગળ મંદીની જગ્યા ખોલી દીધી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23080 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22762 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. બેન્ક નિફ્ટી 1108.75 પોઇન્ટ એટલે કે 1.99 ટકા ઘટીને 54471.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે સન ટીવી નેટવર્કમાં 6.51 ગણા, એક્સીસ બેન્કમાં 4.82 ગણા, સુપ્રીમ ઇન્ડ. માં 3.91 ગણા, આઇસીઆઇસીઆઇ પ્રુડન્શીયલમાં 2.74 ગણા અને યુનાઇટેડ સ્પીરીટમાં 2.72 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટાટા ટેલી-મહારાષ્ટ્રમાં 40.56 ગણા, ગ્લેક્સોસ્મીથ ફાર્મામાં 6.63 ગણા, સીગ્નેચર ગ્લોબલ ઇન્ડિયામાં 4.4 ગણા, ગ્રેટ ઇસ્ટર્ન શીપીંગમાં 3.93 ગણા અને મેગ્લોર રિફાઇનરીમાં 3.57 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ અને સ્મોલકેપ ઇન્ડેક્સ 1.62 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1357 શેરો વધ્યા હતા, જ્યારે 3107 શેરો ઘટ્યા હતા અને 270 શેરો યથાવત રહ્યા હતા.

પીએસયુ બેન્ક શેરોમાં ભારે ધોવાણ થયું હતું. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 3.24 ટકા તૂટયો હતો. જેમાં બેન્ક ઓફ ઇન્ડિયા, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, યુનિયન બેન્ક, ઇન્ડિયન બેન્ક, કેનેરા બેન્ક, પીએનબી, બેન્ક ઓફ બરોડા, યુકો બેન્ક, પંજાબ એન્ડ સીંધ બેન્ક અને એસબીઆઇ ઘટ્યા હતા. વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફયુચર્સ 197 પોઇન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો નબળા ખુલવાના સંકેત આપી રહ્યા છે. ઓપનએઆઇ તેના એઆઇ એજન્ટોના કિસ્સાઓથી નવા મોડેલોની તાલીમ અટકાવી દેવાના નિર્ણયને પગલે તકનિકી શેરોમાં રોકાણકારોની વેચવાલી જોવા મળી હતી. ઓપનએઆઇએ કહ્યું હતું કે, તે અણધારી રીતે સરકારી વેબસાઇટસનો ઉપયોગ કરતા ઓપનએઆઇ એજન્ટનો સાથે સંકળાયેલી ઘટનાઓની તપાસ કરી રહી છે. બીજી તરફ, હોર્મુઝ ખોલવાના મુદ્દે ઇરાનની ડીલને અમેરિકાએ ફગાવી દીધા બાદ ફરીથી તણાવ વધ્યો હતો. આ દરમ્યાન યુરોપિયન બજારો પોઝિટિવ ચાલી રહ્યા છે, જ્યારે મોટાભાગના એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.29 ટકા, કેક 0.15 ટકા અને ડેક્સ 0.08 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.20 ટકા, કોસ્પી 2.77 ટકા, જકાર્તા 1.53 ટકા અને શાંઘાઇ 1.69 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.31 ટકા અને હેંગસેંગ 0.47 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે.

રૂપિયો તૂટીને ૯૬ની નજીક

ક્રુડ ઓઇલના ભાવ ફરીથી ઉછળતા અને યુએસ બોન્ડ યીલ્ડ વધવાના કારણે રૂપિયામાં નરમાઇ જોવા મળી હતી. આજે ડોલર ઇન્ટ્રાડેમાં 96ને ટચ કર્યો હતો. ડોલરની સામે રૂપિયો 15 પૈસા તૂટીને 95.98ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 9583ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુર 109.06, પાઉન્ડ 127.97, કેનેડિયન ડોલર 67.59, ઓસ્ટ્રેલિયન ડોલર 67.18, જાપાનીઝ યેન 0.6116 અને સીંગાપોર ડોલર 74.98ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.98 રૂ.
યુરો	109.06 રૂ.
પાઉન્ડ	127.97 રૂ.
યેન	0.6116 રૂ.

સેન્સેક્સ	-1124.02	72771,72
નિફ્ટી	-360.25	22780.25
બેન્ક નિફ્ટી	-1108.75	54471.65

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ડો. રેડ્ડીઝ લેબ	1.67	1221.00
ઇન્ફોસીસ	0.30	1003.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીએમપીવી	3.00	281.75
અદાણી એન્ટર	2.93	2831.10
જિયો ફાઇનાન્સીયલ	2.86	220.50
લાર્સન-ટુબ્રો	2.83	3766.40
અદાણી પોર્ટસ	2.48	1743.70

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	0.20	1003.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન-ટુબ્રો	2.81	3770.00
પાવરગ્રીડ	2.62	262.20
અદાણી પોર્ટસ	2.38	1741.60
એચડીએફસી બેન્ક	2.30	718.85
એચયુએલ	2.27	1896.00

7 સપ્તાહની નીચલી સપાટીએ પહોંચ્યા ભાવ

સોના-ચાંદીમાં મોટું ધોવાણ

સોનું રૂ. 3,496 અને ચાંદી રૂ. 7,490 તૂટી

સોનાનો ભાવ રૂ. 1.48 લાખની નીચે

મુંબઈ, તા. 28: સોમવારે સ્થાનિક બજારથી લઈને આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા, તેલના વધતા ભાવ, મજબૂત યુએસ ડોલર અને બોન્ડ યીલ્ડમાં વધારો થતા વ્યાજ નહીં આપતી એવી એસેટ કિંમતી ધાતુઓમાં ઘટાડો જોવા મળ્યો હતો, અને સોના અને ચાંદીમાં નકારાત્મક અસર જોવા મળી હતી.

સ્થાનિક ધોરણે સોના અને ચાંદીનો ભાવ સાત સપ્તાહના નીચલા સ્તરે પહોંચ્યા છે અને સોનું રૂ. 3496 ઘટીને રૂ. 1.48 લાખથી નીચે રૂ. 1,47,330 આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે. જ્યારે ચાંદીમાં પણ રૂ. 7490નો ઘટાડો થયો છે અને ભાવ રૂ. 2,27,206 પહોચ્યા છે. બજારના આંકડા મુજબ, આંતરરાષ્ટ્રીય બજારમાં COMEX સોનાના ભાવ 130.67 ઘટીને $4,155.57 પ્રતિ ઔંસ થયા હતા, જ્યારે COMEX ચાંદીના ભાવ 2.97 ઘટીને $61.31 પ્રતિ ઔંસ થયા હતા.

આ ઘટાડો એવા સમયે જોવા મળ્યો છે જ્યારે ગયા અઠવાડિયે બંને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. ગયા અઠવાડિયે ડિસેમ્બર ડિલિવરી માટેના COMEX ગોલ્ડ ફ્યુચર્સમાં $103.70 અથવા 2.34%નો ઘટાડો થયો અને તે $4,321.20 પ્રતિ ઔંસના સ્તરે બંધ થયા, જ્યારે ચાંદીના ભાવમાં $2.35 અથવા 3.5 ટકાનો ઘટાડો થઈને તે $64.80 પ્રતિ ઔંસ થયા. સ્થાનિક બજારમાં, ઓક્ટોબર ડિલિવરી માટેના MCX ગોલ્ડ ફ્યુચર્સમાં ગયા અઠવાડિયે લગભગ 2.3 ટકાનો ઘટાડો થયો અને તે પ્રતિ 10 ગ્રામ દીઠ આશરે રૂ. 1.5 લાખના સ્તરે બંધ થયા. ચાંદીના ફ્યુચર્સમાં 3 ટકાનો ઘટાડો થઈને ભાવ પ્રતિ કિલો રૂ. 2.34 લાખ થયા હતા.

ગોલ્ડ-સિલ્વર ઈટીએફ ક્રેશ થઈને ચાર ટકા સુધી ઘટ્યા

ક્રૂડમાં ઉછાળો, ફુગાવાની ચિંતા અને ફેડરલ રિઝર્વના વ્યાજદર વધારાના સંકેતોથી ગોલ્ડ-સિલ્વર પર ભારે દબાણ

મુંબઇ, તા. 28: વૈશ્વિક અનિશ્ચિતતાની સાથે તણાવ વધવાના કારણે ક્રુડ ઓઇલના ભાવ ઉછળતા તેની અસર સોના-ચાંદી પર પણ જોવા મળી હતી. આજે ગોલ્ડ-સીલ્વર ઈટીએફના ભાવો તૂટયા હતા, જે ચાર ટકા સુધી ઘટયા હતા. ક્રુડ ઓઇલના ભાવમાં વધારો અને તેની સાથે ફુગાવો વધવાની ચિંતાએ સોના-ચાંદીના ભાવમાં અસર જોવા મળી રહી છે.

બીજી તરફ, ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર વધ્યા બાદ વધુ વધવાની અપેક્ષાઓએ વેગત આપતા સોના-ચાંદીમાં દબાણ વધ્યું હતું.

ગોલ્ડ અને સીલ્વર ઘટાડા બાદ ગોલ્ડ ઈટીએફ લાલ નિશાન પર ક્રેશ થતા જોવા મળ્યા હતા. સૌથી મોટો ઘટાડો આઇસીઆઇસીઆઇ પ્રુડન્શીયલ ગોલ્ડ ઈટીએફમાં જોવા મળ્યો હતો, તે રૂ. 3.87 ઘટીને 125.16 પર બંધ રહ્યો હતો. આ સિવાય નિપ્પોન ઇન્ડિયા ઈડીએફ ગોલ્ડ બીઝ 2.86 ટકા ઘટીને રૂ. 120.87, ઝેરોધા ગોલ્ડ ઈટીએફ 2.75 ટકા ઘટીને રૂ. 23.02, ગ્રો ગોલ્ડ ઈટીએફ 2.79 ટકા ઘટીને રૂ. 14.29 અને ટાટા ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ 2.74 ટકા ઘટીને રૂ. 13.22 પર બંધ રહ્યો હતો. જ્યારે સીલ્વર ઈટીએફમાં ગોલ્ડ ઈટીએફ કરતા વધુ ઘટાડો થયો હતો.

ઓગસ્ટમાં ઔદ્યોગિક ઉત્પાદન ધમધમ્યું: IIP વૃદ્ધિદર વધ્યો

મેન્યુફેક્ચરિંગમાં 9% અને વીજળી-ગેસ ક્ષેત્રે 12.3%ના ઉછાળાથી ઔદ્યોગિક ક્ષેત્રે મજબૂત રિકવરી

મુંબઈ, તા. 28: મેન્યુફેક્ચરિંગમાં 9 ટકા વૃદ્ધિ અને વીજળી તથા ગેસ પુરવઠામાં 12.3 ટકા વધારાને પગલે ઓગસ્ટ 2026માં ભારતના ઔદ્યોગિક ઉત્પાદનમાં 8 ટકાનો વધારો થયો છે, જે જુલાઈમાં નોંધાયેલા 6.7 ટકાના પ્રારંભિક અંદાજ કરતાં વધુ છે.

ઓગસ્ટ મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (IIP) 123.3 રહ્યો હતો, જે ગયા વર્ષના સમાન મહિનામાં 114.2 હતો. આ મહિના દરમિયાન ઉત્પાદન ક્ષેત્રના આઉટપુટમાં 9 ટકાનો વધારો થયો હતો, જ્યારે વીજળી અને ગેસના પુરવઠામાં 12.3 ટકાનો વધારો નોંધાયો હતો. પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા અને કચરાના વ્યવસ્થાપન ક્ષેત્રે 6.3 ટકાનો વૃદ્ધિદર જોવા મળ્યો હતો. જોકે, ખાણકામ અને ક્વોરીંગ (પથ્થર કાઢવાની પ્રવૃત્તિ) ક્ષેત્રે 5.6 ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઉત્પાદન ક્ષેત્રે સતત ત્રીજા મહિને 8 ટકા કે તેથી વધુનો વૃદ્ધિદર નોંધાયો હતો. ઓગસ્ટમાં ઉત્પાદન સૂચકાંક 126.6 રહ્યો હતો, જ્યારે ખાણકામ અને પથ્થરની ખાણકામ પ્રવૃત્તિ, વીજળી અને ગેસ પુરવઠો તથા પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને કચરાના વ્યવસ્થાપન માટેના સૂચકાંકો અનુક્રમે 85.7, 133.9 અને 147.6 રહ્યા હતા.

NSE ઇશ્યૂ પ્રાઇસથી નીચે સરક્યો

1785ની ઓફર પ્રાઇસ સામે શેર તૂટીને રૂ. 1770.10 પર બંધ; બ્રોકરેજ હાઉસના ઊંચા ટાર્ગેટ ખોટા પડ્યા

મુંબઇ, તા. 28: ગાજ્યા મેઘ વરસે નહીં, કહેવત છે તેવી જ સ્થિતિ એનએસઇના આઇપીઓની થઇ છે અને રોકાણકારો જે વળતરની આશા રાખી હતી, તે ફળીભૂત થઇ નથી. નજીવા પ્રીમિયમ સાથે લિસ્ટીંગ થયા બાદ એનએસઇના આઇપીઓમાં કોઇ સુધારો જોવા મળ્યો નથી. જેમાં વેચવાલી હાવી રહેતા આજે આઇપીઓની ઓફર પ્રાઇસથી નીચે સરકી ગયા હતા અને બંધ રહ્યા હતા. આજે બીએસઇ પર એનએસઇના શેરની કિંમત 1.26 ટકા ઘટીને રૂ. 1770.10 બોલાતી હતી જે ઇન્ટ્રાડેમાં 1.77 ટકા ઘટીને રૂ. 1761ના સ્તર સુધી ઘટ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, એનએસઇના આઇપીઓમાં રૂ. 1785ન ભાવે ઓફર કરવામાં આવ્યો હતો. મોટા ભાગના બ્રોકરેજ હાઉસીસ એનએસઇના આઇપીઓ માટે ઉત્સાહિત હતી અને ઉંચા લક્ષ્યાંક દર્શાવતા હતા, તે હાલમાં ખોટા ઠર્યા છે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ’’	૧૫૦	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૧.૩૫	૫૦/૩૬ ’’	૧૫૭	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૦૮.૭૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૫
૬૮/૩૬	૧૬૫.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૬૯.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૧	૬૮ ક્રિમ્પ	૧૬૬.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૨.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૩
૮૦/૭૨ રોટો.	૧૬૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૮.૫
૮૦/૩૬ રોટો.	૧૬૮.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૬૦	૮૦/૧૦૮ ’’	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૨૦૦
એમ-૩૦	૫૧૦૦
એસ-૩૦	૫૦૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૯૦૦
એસ-૩૦	૪૮૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૫૫૦
તેજાબી સોનું	૧૫૨૪૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૯૨૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૫૦૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૫૫૦૦
ચાંદી (૯૯૯)	૨૩૦૦૦૦
ચાંદી સિક્કા	૨૩૧૫૦૦

અમેરિકન આતંકવાદી અથવા જાસૂસ મેથ્યુ વેનડાઈકને કેમ છોડી મૂકવામાં આવ્યો?



ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

ભાજપના મોરચાની સરકાર દ્વારા દાવો કરવામાં આવે છે કે તેમના રાજમાં આતંકવાદની ઉપર નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું છે, પણ હકીકત કાંઇક અલગ છે. તાજેતરમાં અમેરિકાના એક નાગરિકને જામીન પર છોડી દેવામાં આવ્યો છે, જેના પર આતંકવાદના ફેલાવા સહિતના ગંભીર આક્ષેપો અગાઉ કરવામાં આવ્યા હતા. આ નાગરિક સીઆઈએનો એજન્ટ હોવાની શંકા પણ સેવાઈ રહી હતી, પણ ભારતીય તપાસ એજન્સી એનઆઈએની નિષ્ક્રિયતા કે બેદરકારીને કારણે તે જામીન પર મુક્ત થઈને પોતાના દેશમાં પહોંચી ગયો છે. અમેરિકન નાગરિક મેથ્યુ એરોન વેનડાઇકની મુક્તિ અંગે વિપક્ષે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. વિપક્ષે પ્રશ્નો ઉઠાવ્યા છે કે શું મેથ્યુ એરોન વેનડાઇકને અમેરિકન દબાણ હેઠળ દેશ છોડવાની મંજૂરી આપવામાં આવી હતી?

મ્યાનમારમાં વંશીય સશસ્ત્ર જૂથોને તાલીમ આપવા અને અનધિકૃત મુસાફરી કરવા બદલ ધરપકડ કરાયેલા સાત વિદેશી નાગરિકોમાં અમેરિકન નાગરિક મેથ્યુ એરોન વેનડાઇક અને છ યુક્રેનિયન નાગરિકોનો પણ સમાવેશ થાય છે. આ કેસમાં વિવાદનું સૌથી મોટું કારણ એ છે કે NIA એ વેનડાઇક અને છ યુક્રેનિયન નાગરિકો સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) ની કલમ ૧૮ હેઠળ આતંકવાદી કૃત્યો કરવાનાં કાવતરાં માટે કેસ દાખલ કર્યો હતો. જો કે, સપ્ટેમ્બરમાં દાખલ કરાયેલી પહેલી ચાર્જશીટમાં UAPA આરોપો લાગુ કરવામાં આવ્યા ન હતા. તેના બદલે ચાર્જશીટમાં ઇમિગ્રેશન અને ફોરેનર્સ એક્ટ હેઠળ આરોપીઓ સામે ગુનાઓની યાદી આપવામાં આવી હતી. કોંગ્રેસે આ મુદ્દા પર પીએમ મોદી પર નિશાન સાધ્યું છે.

કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે આપણા સમાધાનકારી વડા પ્રધાને ફરીથી આવું કર્યું છે. આતંકવાદી પ્રવૃત્તિઓનું કાવતરું ઘડવાના આરોપમાં રહેલા અમેરિકન નાગરિક મેથ્યુ વેનડાઇકને મુક્ત કરવામાં આવ્યો છે અને તેને તેના દેશમાં પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ની એક વિશેષ અદાલતે હવે તેને જામીન આપતાં તેના પરિવારને મળવા માટે એક મહિના માટે અમેરિકા પાછા જવાની મંજૂરી આપી છે. તેની સાથે ધરપકડ કરાયેલા છ યુક્રેનિયન નાગરિકોને પણ આવી જ રાહત આપવામાં આવી છે.

મેથ્યુ એરોન વેનડાઇક અમેરિકાના બાલ્ટીમોરના રહેવાસી છે. મીડિયા રેકોર્ડ મુજબ, તેમનો જન્મ ૧૧ જૂન, ૧૯૭૯ ના રોજ થયો હતો. મેથ્યુ પોતાને આંતરરાષ્ટ્રીય સુરક્ષા નિષ્ણાત, ફિલ્મનિર્માતા અને યુદ્ધ ક્ષેત્રના નિરીક્ષક તરીકે વર્ણવે છે. તે ભાડૂતી સૈનિક હોવાનો દાવો કરે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૦૧૧ માં લિબિયન ગૃહયુદ્ધમાં મુઅમ્મર ગદ્દાફી વિરુદ્ધ બળવાખોર જૂથ સાથે લડતી વખતે મેથ્યુને ગદ્દાફીનાં દળોએ પકડી લીધો હતો. જો કે, બાદમાં તે જેલમાંથી ભાગી ગયો હતો. મેથ્યુની એક વેબસાઇટ છે, જે મુજબ તેણે ૨૦૦૭ થી ૨૦૧૦ ની વચ્ચે મોટરસાઇકલ દ્વારા આરબ દેશોનો પ્રવાસ કર્યો હતો અને ઇરાક અને અફઘાનિસ્તાનમાં યુદ્ધ સંવાદદાતા અને દસ્તાવેજી ફિલ્મ નિર્માતા તરીકે પણ કામ કર્યું હતું. ૨૦૧૪ માં ISIS દ્વારા પત્રકારો જેમ્સ ફોલી અને સ્ટીવન સોટલોફની હત્યા બાદ વેનડાઇકે ખાનગી લશ્કરી સન્સ ઓફ લિબર્ટી ઇન્ટરનેશનલ (SOLI) ની સ્થાપના કરી હતી. વેનડાઇકના પોતાના રેકોર્ડ મુજબ આ બંને પત્રકારો તેના મિત્રો હતા. SOLI દ્વારા તે સંગઠનો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને લશ્કરી તાલીમ અને સલાહ પૂરી પાડે છે. SOLI પોતાને એક બિન-લાભકારી સંસ્થા તરીકે વર્ણવે છે. સંગઠન અનુસાર, તે ઇરાકમાં ISIS સામે લડતા ખ્રિસ્તી સુરક્ષા દળોને લશ્કરી તાલીમ અને સલાહ પૂરી પાડતી હતી. સંગઠન યુક્રેનમાં તાલીમ અને લશ્કરી સહાય પૂરી પાડતો હોવાનો પણ દાવો કરે છે.

આતંકવાદ વિરોધી તપાસના ભાગ રૂપે વેનડાઇક અને છ યુક્રેનિયનોની ધરપકડ કરવામાં આવી હતી. NIA એ પહેલાં સાતેય સામે કઠિન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અથવા UAPA હેઠળ કેસ દાખલ કર્યો હતો. એજન્સીના જણાવ્યા અનુસાર, આ જૂથ માન્ય મુસાફરી દસ્તાવેજો પર ભારતમાં પ્રવેશ્યું હતું પરંતુ તે વિસ્તારોની મુલાકાત લેવા માટે જરૂરી ખાસ પરવાનગી વિના તેણે ઉત્તર-પૂર્વ ભારતમાં મુસાફરી કરી હતી અને પછી તેમણે મિઝોરમ થઈને મ્યાનમારમાં પ્રવેશ કર્યો હતો. તપાસકર્તાઓએ દાવો કર્યો હતો કે આ જૂથ મ્યાનમારમાં સશસ્ત્ર વંશીય જૂથો માટે તાલીમ સત્રો ચલાવી રહ્યું હતું, તેમને ડ્રોન યુદ્ધ, ડ્રોન બનાવવું અને ડ્રોન જામિંગ જેવી બાબતો શીખવી રહ્યું હતું. વેનડાઇકને કોલકાતા એરપોર્ટ પરથી પકડવામાં આવ્યો હતો જ્યારે અન્ય યુક્રેનિયન આરોપીઓને દેશના વિવિધ એરપોર્ટ પરથી પકડવામાં આવ્યા હતા. NIA એ ખરેખર ચાર્જશીટ દાખલ કર્યા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. એજન્સીએ UAPA હેઠળ ગંભીર આતંકવાદી આરોપો પડતા મૂક્યા હતા અને કહ્યું કે તેમની પાસે એવા કોઈ નક્કર પુરાવા નથી કે જૂથની પ્રવૃત્તિઓથી ભારતની સુરક્ષા અથવા તેના લોકોને કોઈ સીધી રીતે નુકસાન થયું છે. તેના બદલે, ચાર્જશીટમાં ફક્ત ઇમિગ્રેશન અને વિદેશી કાયદાની કલમ ૨૧ અને ૨૩ હેઠળ આરોપો હતા, જે મૂળભૂત રીતે દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા અને વિઝાની મુદત કરતાં વધુ સમય સુધી રહેવાના આરોપો હતા. તેથી એક મોટો આતંકવાદી તપાસ જેવો દેખાતો કેસ વિઝા ઉલ્લંઘનનો કેસ બની ગયો હતો. NIA કાયદા દ્વારા નિર્ધારિત ૧૮૦ દિવસની મર્યાદામાં મૂળ આરોપોની તપાસ પૂર્ણ કરી શક્યું ન હોવાથી, વાનડાઇક અને અન્ય લોકોને ડિફોલ્ટ જામીન મળ્યા હતા. આ અધિકાર તપાસકર્તાઓ તેમની સમયમર્યાદા ચૂકી જાય ત્યારે આપમેળે લાગુ પડે છે. ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ (FRRO) દ્વારા ઇમિગ્રેશન મામલો સ્પષ્ટ થયા પછી મેથ્યુ વાનડાઇકના વકીલોએ કોર્ટ પાસે તેમને ઘરે મુસાફરી કરવાની પરવાનગી માંગી હતી. સ્પેશિયલ NIA જજ પ્રશાંત શર્મા સંમત થયા, તેમને એક મહિના માટે ભારત છોડવાની મંજૂરી આપી અને પ્રવાસ માટે તેમનો પાસપોર્ટ અનબ્લોક કર્યો હતો. આ જ આદેશ છ યુક્રેનિયનોને લાગુ પડે છે.

મેથ્યુ વેનડાઇક અને છ યુક્રેનિયન નાગરિકોને ઘરે જવા માટે સમાન પ્રકારની બહાર નીકળવાની પરવાનગી આપવામાં આવી છે, જ્યારે મ્યાનમાર સરહદ નજીક તેમની પ્રવૃત્તિઓ અંગેના પ્રશ્નોના સંપૂર્ણ જવાબ હજુ સુધી મળ્યા નથી. ઇતિહાસ એ વાતનો પુરાવો છે કે ગંભીર કેસોમાં આરોપી વિદેશી નાગરિકોને એક વાર ભારતની બહાર જવાની મંજૂરી આપવામાં આવે છે, પછી તેમને પાછા લાવવાનું કાર્ય મુશ્કેલ બની જાય છે, જો અશક્ય નહીં. શું NIA કોર્ટ ખાતરી આપી શકે છે કે વેનડાઇક અને છ યુક્રેનિયનો તેમના મહિનાના વિદેશ પ્રવાસ પછી પાછા ફરશે? અને જો તે વચનને અમલમાં મૂકવાનો કોઈ રસ્તો નથી, તો તેમને જવા દેવા પાછળનું કારણ શું હતું?

UAPA હેઠળ ધરપકડ કરાયેલ મેથ્યુ હવે અમેરિકા પહોંચી ગયો છે. વિપક્ષ કોંગ્રેસ, ઓલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) અને અન્ય વિપક્ષી પક્ષોએ સરકાર અને ભારતીય જનતા પાર્ટી (BJP) વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરી છે. કોંગ્રેસે મેથ્યુની મુક્તિ માટે અમેરિકાના દબાણને કારણભૂત ગણાવીને સરકારની ટીકા કરી છે. જયરામ રમેશે પૂછ્યું છે કે મેથ્યુની મુક્તિના બદલામાં ભારતને શું મળ્યું. જો તે શંકાસ્પદ હતો, તો તેને વિઝા કેવી રીતે મળ્યો? તેને ભારત થઈને મ્યાનમાર જવાની પરવાનગી કોણે આપી? સરકારે આ વાતનો ખુલાસો કરવો જોઈએ.

AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું છે કે સર્જિયો ગોર નક્કી કરે છે કે કોના પર UAPA હેઠળ આરોપ મૂકવામાં આવશે અને કોના પર નહીં. UAPA હેઠળ આરોપ મૂકવામાં આવે તો એક સામાન્ય ભારતીય નાગરિકને નવથી દસ વર્ષની જેલની સજા થઈ શકે છે, કારણ કે ભારતીય નાગરિકો પાસે સર્જિયો ગોર નથી. અસદુદ્દીન ઓવૈસીનું આ નિવેદન NIA દ્વારા કોર્ટમાં દાખલ કરાયેલ ચાર્જશીટનો સંદર્ભ આપે છે, જેમાં પ્રારંભિક FIRમાં આરોપીઓ પર લાદવામાં આવેલી UAPA કલમોનો કોઈ ઉલ્લેખ નથી. NIA એ સ્પષ્ટતા કરી છે કે ચાર્જશીટમાં UAPA કલમોનો અભાવ હોવાનો અર્થ એ નથી કે આતંકવાદી દૃષ્ટિકોણની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. આ દૃષ્ટિકોણની તપાસ ચાલુ છે અને જો વધુ પુરાવા મળશે તો પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી શકે છે. NIA એ કોર્ટમાં એમ પણ જણાવ્યું હતું કે UAPA સંબંધિત ગુનાઓની તપાસ બાકી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

શું NIA કોર્ટ ખાતરી આપી શકે છે કે મેથ્યુ વેનડાઇક વિદેશ પ્રવાસ પછી પાછો ફરશે? અને જો તે વચનને અમલમાં મૂકવાનો કોઈ રસ્તો નથી, તો તેને જવા દેવા પાછળનું કારણ શું હતું?

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

હિંચકાના કડાંવાલા
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

જુનુ સામાન
લેવામાં આવશે AC, ફ્રીઝ, વોશિંગ મશીન, 2 વ્હીલર, 4 વ્હીલર તથા અન્ય તમામ પ્રકારનું ઘર ઓફિસનું Mo: 9316100413

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

કસમી ટુરીઝમ
કાશ્મીર અમૃતસર વાઘાબોર્ડર જોધપુર દિવસ- 12 સ્લીપર બસ 21,500/- 6352474903

નોકરી વિષયક

દુકાનના પરચુરણ/
ક્લેરીકલ કામ માટે જેન્ટ્સ /લેડીઝ અરજી સાથે મળો. ૧૧- મશાલાવાલા કોમ્પ્લેક્સ- GIDC રેલ્વે સ્ટેશન સામે અંકલેશ્વર- G/3 ક્રિષ્ના કોમ્પ્લેક્સ દિલ્હીગેટ- સુરત. (327)

માઁ ખોડિયાર જ્યોતિષ
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
હસ્તરેખા/જન્માક્ષર થી ભવિષ્યનું સચોટ નીરાકરણ
પ્રેમ પ્યાર, લગ્ન માં વિલબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નૌકરી અને વ્યાપાર રૂકાવટ,પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ,ઉપરોક્ત સમસ્યાઓનું સમાધાન સરળ રીતે મેળવો.
સમાસ્યાઓની દરેક વિગત ખાનગી રહેશે.
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર-જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

જોઇએ છે
અનુભવી/ બિનઅનુભવી આઈ.ટી.આઈ ઈન્સ્ટ્રુમેન્ટ / મિકેનિકલ - ૨ ડિપ્લોમા મિકેનિકલ - ૨ ૨૯૪/૧, હિમસન સિરામિક, પાંડેસરા- ૩૯૪૨૨૧ સંપર્ક :- ૯૯૭૮૯૮૩૬૬૯, ૮૨૬૪૮૮૮૬૫૮ (334)

माँ चामुडा ज्योतीष
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo.7862990838

જોઈએ છે.
પાલ અને અડાજણ, સુરત ખાતે આવેલ મહિલા PGમા ઘરકામ માટે બહેનો. વિધવા, ડિવોર્સ, એકલા રહેતા અથવા કોઈપણ બહેનોને રહેવા અને જમવાની સુવિધા મળશે. ઓફિસ ઈન્ચાર્જ પાલ માટે. 9924073970

ફાર્મ હાઉસ
વેચવાના છે.
અંબિકા નદીના કિનારે, રેડી પઝેશન, સ્વીમીંગ પુલ સાથેના
Mo.90996 54868

જોઈએ છે
ઓલપાડ માટે (1) કોમ્પ્યુટર ઓપરેટર તેમજ હિસાબના જાણકાર (2) વોચમેન કમ પટાવાળાની તાત્કાલિક જરૂર છે. રહેવા માટે ફ્રી મા સગવડ. ઓલપાડ તાલુકા તળપદા કોળી પટેલ સમાજ ટ્રસ્ટ, હાથીસા રોડ, સંપર્કઃ 9426152252

ઓફિસ માટે
છોકરાઓ જોઈએ છે. કોમ્પ્યુટર અને ફિલ્ડવર્ક સેલેરી- 15000/- ઉધના. 8511612226

એકાઉન્ટન્ટ જોઇએ છે.
બી.કોમ /એમ. કોમ લાયકાત ધરાવતા તેમજ ટેલી તથા જી.એસ.ટી. અંગેનો જેઓને ૫ થી ૭ વર્ષના અનુભવ હોય તેવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ સંપર્ક સાધવા વિનંતી છે. મેનેજર ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. ‘સી’ ટાવર, ગ્રાઉન્ડ ફલોર શો-રૂમ કોમર્શીયલ કોમ્પલેક્ષ સેન્ટ્રલ રોડ નં.૧૦ ઉદ્યોગનગર, ઉધના -૩૯૪ ૨૧૦. Email: uussl1957@gmail.com Mo.No. 9510300686 (335)

મિલ્કત ભાડે -વેચાણ

પ્લોટ- શેડ
ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેકસ્ટાઈલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશનઃ ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

વેચાણ/ ભાડેથી
લોઅર ગ્રાઉન્ડ આશરે ૨૨૦૦ સ્કેવર ફૂટ, પીપલોદ કારગીલ ચોક, CA ઓફિસ, આર્કિટેક, ટ્રાવેલ એજન્સી લાયક મો.- 9898078904

વાહન લે-વેચ

જુના બંધ હાલતમાં
2- વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો.- 9427178600

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.